

બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઇ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઇઝડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...
અનુભવી નિષ્ણાંત ડોકટર્સ..
* જનરલ સર્જરી
* લેપ્રોસ્કોપીક સર્જરી
* ઓર્થોપેડીક સર્જરી
* ગાયનેક વિભાગ
* દાંત વિભાગ
* ૨૪ કલાક ઈમરજન્સી
* જનરલ મેડીસીન M.D.ની સેવા
* E.N.T. સર્જરી
* દાઝ્યાની સારવાર
* ફિઝીયોથેરાપી
* ICU ની સગવડ
* એકિસડન્ટના કેસની સારવાર
* ડાયાલીસીસ, લેબોરેટરી, એક્ષ-રે, સોનોગ્રાફીની સેવાઓ..
માં કાર્ડ સુવિધા ઉપલબ્ધ



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ માગશર વદ બીજ, શનિવાર ૬ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૭

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦


# ભારત-રશિયા વચ્ચે સંરક્ષણ સોદાની કોઈ જાહેરાત નહીં

**આર્થિક** સહકાર મજબૂત બનાવવા ભારત-રશિયાની પાંચ વર્ષિય યોજનાની રૂપરેખા ઘડાઇ

**મોદી-પુટિન** મંત્રણા બાદ ભારત-રશિયા વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે અનેક કરારો

**દ્વિપક્ષીય** વેપાર વધારીને 100 અબજ ડોલરનો કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો



નવી દિલ્હી, તા. 5(પીટીઆઈ): ભારત અને રશિયાએ શુક્રવારે વોશિંગ્ટનના દંડાત્મક ટેરિફ અને પ્રતિબંધ શાસનનો સામનો કરવા માટે આર્થિક અને વેપાર સંબંધોને મજબૂત બનાવવા માટે પાંચ વર્ષીય યોજનાની રૂપરેખા બનાવી છે, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમુખ વ્લાદિમીર પુતિનને સંદેશ આપ્યો હતો કે યુક્રેનમાં યુદ્ધનો શાંતિપૂર્ણ રીતે અંત લાવવો જોઈએ. જોકે, આ સમયગાળા દરમિયાન બંને દેશો વચ્ચે કોઈ મોટા સંરક્ષણ સોદાની જાહેરાત કરવામાં આવી ન હતી. અગાઉ, ઘણા અહેવાલોમાં ભારત અને રશિયા વચ્ચે ફાઇટર જેટ સોદો અથવા મોટા સંરક્ષણ સોદાની દરખાસ્ત કરવામાં આવી હતી.

વૈશ્વિક ધ્યાન ખેંચનારી તેમની શિખર મંત્રણા બાદ, મોદી અને પુતિને વડા પ્રધાન સાથે આઠ દાયકાથી વધુ જૂની ભારત-રશિયા મિત્રતાને નવી ગતિ આપવાની તેમની ઉત્સુકતા દર્શાવી અને કહ્યું કે તે ભૂ-રાજકીય ઉઠાપટક છતાં ધ્રુવ તારાની જેમ અડગ રહી છે. 2030 ના આર્થિક કાર્યક્રમને અંતિમ સ્વરૂપ આપવા ઉપરાંત, બંને પક્ષોએ આરોગ્ય, ગતિશીલતા અને સ્થળાંતર, ખાદ્ય સુરક્ષા, શિપિંગ અને લોકો-થી-લોકોના આદાનપ્રદાન સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. ગઈકાલે સાંજે રશિયન પ્રમુખ નવી દિલ્હી પહોંચ્યા, જ્યાં તેમનું સ્વાગત ભવ્ય રીતે કરવામાં આવ્યું, જેમાં મોદીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું અને બાદમાં તેમના માટે ખાનગી રાત્રિભોજનનું આયોજન કર્યું હતું.

યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે દબાણ કરવાના ભાગ રૂપે રશિયન ક્રૂડ ઓઇલ સપ્લાયમાં કાપ મૂકવા સહિત મોસ્કોને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાના તેમના સતત પ્રયાસો વચ્ચે આ મુલાકાતે પશ્ચિમી દેશોનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લા આઠ દાયકામાં વિશ્વએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. માનવતાએ અનેક પડકારો અને કટોકટીનો સામનો કર્યો છે. અને આ બધા દરમિયાન, ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારા જેવી રહી છે એમ મોદીએ તેમના મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું. પરસ્પર આદર અને ઊંડા વિશ્વાસ પર બનેલો આ સંબંધ હંમેશા સમયની કસોટી પર ખરો ઉતર્યો છે. આજે, અમે આ પાયાને વધુ મજબૂત બનાવવા માટે સહકારના તમામ પાસાઓ પર ચર્ચા કરી. આર્થિક સહયોગને નવી ઊંચાઈઓ પર લઈ જવો એ આપણી સહિયારી પ્રાથમિકતા છે એમ તેમણે ઉમેર્યું હતું. આ હાંસલ કરવા માટે, મોદીએ કહ્યું કે બંને પક્ષો 2030 સુધી આર્થિક સહયોગ કાર્યક્રમ પર સંમત થયા છે અને તે દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વૈવિધ્યસભર, સંતુલિત અને ટકાઉ બનાવશે. પોતાની ટિપ્પણીમાં, પુતિને જણાવ્યું હતું કે બંને પક્ષો વાર્ષિક વેપારનું પ્રમાણ હાલના 64 અબજ ડોલરથી વધારીને 100 અબજ ડોલર કરવા માંગે છે અને ભારતની ઉર્જા જરૂરિયાતને પૂર્ણ કરવા માટે રશિયા તેલ, ગેસ, કોલસો અને જરૂરી દરેક વસ્તુનો વિશ્વસનીય સપ્લાયર છે. રશિયા ઝડપથી વિકસતા ભારતીય અર્થતંત્ર માટે ઇંધણના અવિરત શિપમેન્ટ ચાલુ રાખવા માટે તૈયાર છે. રશિયન પ્રમુખે સંકેત આપ્યો કે મોસ્કો ભારતીય ઉત્પાદનો માટે વધુ

...અનુસંધાન પાના 11 પર

## ધ્રુવીય પાણીમાં વહાણવટાની તાલીમ માટે કરાર થયા

નવી દિલ્હી, તા. 5(પીટીઆઇ): ભારત અને રશિયાએ શુક્રવારે ધ્રુવીય પાણીમાં કાર્યરત જહાજો માટે નિષ્ણાતોની તાલીમ અંગે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા. ધ્રુવીય પાણીમાં કાર્યરત જહાજો માટે નિષ્ણાતોની તાલીમ અંગે ભારત પ્રજાસત્તાક સરકારના બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય અને રશિયન ફેડરેશનના પરિવહન મંત્રાલય વચ્ચે સમજૂતી કરાર થયા એ મુજબ વિદેશ મંત્રાલય (MEA) દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે. દિવસની શરૂઆતમાં, પુતિન અને મોદીએ શિખર-સ્તરની વાટાઘાટો કરી હતી જેણે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું હતું.

## અમે તટસ્થ નથી, શાંતિના પક્ષમાં છીએ : યુક્રેન યુદ્ધ પર મોદી

પુટિન સાથેની વાતચીતમાં યુક્રેન સંઘર્ષ પણ ખાસ ચર્ચાનો મુદ્દો રહ્યો હતો અને મોદીએ કહ્યું હતું કે ભારતે તે દેશમાં શાંતિની હિમાયત કરી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે અમે તટસ્થ નથી પણ શાંતિના પક્ષમાં છીએ. આ મુદ્દાના શાંતિપૂર્ણ અને કાયમી ઉકેલ માટેના તમામ પ્રયાસોનું અમે સ્વાગત કરીએ છીએ. ભારત હંમેશા યોગદાન આપવા તૈયાર રહ્યું છે અને તેમ કરવાનું ચાલુ રાખશે એમ તેમણે કહ્યું હતું.

## રશિયન પર્યટકો માટે 30 દિવસના ઇ-ટુરિસ્ટ અને ગ્રુપ ટરિસ્ટ વિઝા રજૂ થશે

વડાપ્રધાન મોદીએ એવી જાહેરાત કરી છે કે ભારત ટૂંક સમયમાં રશિયન નાગરિકો માટે મફત 30-દિવસનો ઈ-ટૂરિસ્ટ વિઝા અને 30-દિવસનો ગ્રુપ ટુરિસ્ટ વિઝા રજૂ કરશે.

## ભારત-રશિયા વચ્ચે ઓગણીસ કરારો પર હસ્તાક્ષર

ભારત અને રશિયા વચ્ચે ઓગણીસ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જેનો ઉદ્દેશ્ય ભારત-રશિયા વેપાર વધારવાનો હતો. જહાજ નિર્માણ, ધ્રુવીય પાણીમાં ભારતીય ખલાસીઓને નેવિગેટ કરવા માટે તાલીમ, નવી શિપિંગ લેનમાં રોકાણ, નાગરિક પરમાણુ ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજો પર કરારો અને સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.





## રાષ્ટ્રપતિ ભવનમાં પુતિનનું ઔપચારિક સ્વાગત

**સૈન્યની** ત્રણેય પાંખ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું, પુતિને રાજઘાટની પણ મુલાકાત લીધી

નવી દિલ્હી, 5 ડિસેમ્બર (પીટીઆઇ) પશ્ચિમી દેશોની જેના પર ઝીણવટભરી નજર છે તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મહત્વપૂર્ણ શિખર મંત્રણા પહેલા શુક્રવારે રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્રણેય સેનાઓના ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને મોદીએ ભવ્ય રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં રશિયન રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, ઔપચારિક સ્વાગત પછી, પુતિન રાજઘાટની મુલાકાત લીધી અને સ્મારક પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. રાત્રિભોજન દરમિયાન બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીત 23મી ભારત-રશિયા શિખર સંમેલન વાટાઘાટો માટે સૂર નક્કી કરી હોવાનું માનવામાં આવે છે, જે સમયની કસોટી પામેલા સંબંધોને વધુ વ્યાપક બનાવવા માટે અનેક મૂર્ત પરિણામો લાવશે તેવી અપેક્ષા છે.

## પુતિન માટેના રાત્રિભોજનમાં રાહુલ, ખડગેને નિમંત્રણ નહીં પણ થરૂરને આમંત્રણથી વિવાદ

નવી દિલ્હી, તા. 05 : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન માટે આજે રાત્રે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત રાત્રિભોજનમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ પાર્ટીના વડા મલ્લિકાર્જુન ખડગેને આમંત્રણ આપવામાં આવ્યું નથી. રસપ્રદ વાત એ છે કે કોંગ્રેસના સાંસદ શશી થરૂરને આમંત્રણ આપવામાં આવતા વિવાદ થયો છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્વિટ કર્યું કે રાષ્ટ્રપતિ પુતિનના સન્માનમાં

...અનુસંધાન પાના 11 પર

## ભારત-EAEU વેપાર કરાર વહેલો કરવા પુટિનનો આગ્રહ

**રોકાણ** પ્રોત્સાહન કરાર માટે વાટાઘાટો ઝડપી બનાવવા બંને દેશોનો પોતાના અધિકારીઓને આદેશ

નવી દિલ્હી, 5 ડિસેમ્બર (પીટીઆઇ) રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શુક્રવારે કહ્યું કે ભારત અને યુરેશિયન ઇકોનોમિક યુનિયન (EAEU) વચ્ચે પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ પર વહેલા હસ્તાક્ષર કરવાથી માલ, સેવાઓ અને મૂડીની અવરજવરને સરળ બનાવવા માટે અવરોધો ઓછા થશે. ભારત અને યુરેશિયન ઇકોનોમિક યુનિયને ગયા અઠવાડિયે મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ યોજ્યો હતો. ભારત અને પાંચ દેશોના જૂથ, યુરેશિયન ઇકોનોમિક યુનિયન (EAEU) એ 20 ઓગસ્ટના રોજ કરાર માટે સંદર્ભની શરતો પર હસ્તાક્ષર કર્યા. રશિયા, આર્મેનિયા, બેલારુસ, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાન EAEU ના પાંચ સભ્ય દેશો છે. ભારત અને રશિયાએ શુક્રવારે તેમના અધિકારીઓને રોકાણના પ્રોત્સાહન અને રક્ષણ પર પરસ્પર લાભદાયી કરાર માટે વાટાઘાટો ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે અહીં યોજાયેલી શિખર-સ્તરની બેઠકમાં આ મુદ્દો ચર્ચા માટે આવ્યો હતો.

## રશિયાની સરકારી કંપનીએ કુડાનકુલામ પ્લાન્ટ માટે અણુ ઇંધણ પહોંચાડ્યું

નવી દિલ્હી, તા. 5(પીટીઆઇ): રશિયાના સરકાર સંચાલિત પરમાણુ નિગમે જણાવ્યું છે કે તેણે તમિલનાડુના કુડાનકુલમ પરમાણુ વીજ પ્લાન્ટમાં ત્રીજા રિએક્ટરના પ્રારંભિક લોડિંગ માટે પરમાણુ ઈંધણનો પ્રથમ જથ્થો પહોંચાડ્યો છે. પરમાણુ ઈંધણની ડિલિવરી રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારતની બે દિવસની મુલાકાત ટાણે જ આવી છે. રોસાટોમના પરમાણુ ઇંધણ વિભાગ દ્વારા સંચાલિત એક કાર્ગો ફ્લાઇટમાં નોવોસિબિર્સ્ક કેમિકલ કોન્સન્ટ્રેટ્સ પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ઇંધણ એસેમ્બલી પહોંચાડવામાં આવી

...અનુસંધાન પાના 11 પર

## દુબઈથી હૈદરાબાદ આવતી અમિરાત ફ્લાઇટમાં બોમ્બની ધમકી

હૈદરાબાદ, તા. 05 (પીટીઆઈ) : રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથકને શુક્રવારે દુબઈથી હૈદરાબાદ આવી રહેલી અમિરાત એરલાઈન્સની ફ્લાઇટમાં બોમ્બ હોવાની ધમકી આપતો ઈમેઇલ મળ્યો હતો, જેના પગલે એરપોર્ટ પર ઉતરાણ કર્યા પછી વિમાનની તપાસ કરવામાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું હતું કે ફ્લાઇટ નંબર EK526 સવારે 8.30 વાગ્યે અહીં સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું. સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે, પાંચ ડિસેમ્બર, 2025ના રોજ, હૈદરાબાદ એરપોર્ટના ગ્રાહક સપોર્ટ આઈડી પર સવારે 7:30 વાગ્યે દુબઈ-હૈદરાબાદ ફ્લાઇટ નંબર EK526 માટે બોમ્બ ધમકીનો ઈમેઇલ મળ્યો હતો. ફ્લાઇટ સવારે 8:30વાગ્યે હૈદરાબાદમાં સુરક્ષિત રીતે ઉતરી ગઈ. ત્યારબાદ જરૂરી સુરક્ષા પ્રોટોકોલ શરૂ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે માનક સુરક્ષા પ્રોટોકોલમાં વિમાનને અલગ રાખવું, સામાન અને મુસાફરોની તપાસ કરવી, ફાયર ટેન્ડરોને સ્ટેન્ડબાય પર રાખવા અને ડોગ સ્કવોડનો ઉપયોગ કરવો, અન્ય સલામતી પગલાંનો સમાવેશ થાય છે.

તા. ૦૫-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૨° સે. | ૨૪.૮° સે. | ૧૦% |

# સતત ચોથા દિવસે ઈન્ડિગોની સેંકડો ફ્લાઈટ રદ : એરપોર્ટ પર અંધાધૂંધી

**શુક્રવારે** દેશમાં 700થી વધુ ફ્લાઇટો રદ, દિલ્હી એરપોર્ટ પરથી રવાના થતી તમામ ફ્લાઇટો કેન્સલ

**વિવિધ** એરપોર્ટો પર ઘણા પેસેન્જરો ત્રણ દિવસથી ફસાયેલા છે, કેટલાકનો સામાન ગુમ થઇ ગયો

**ફ્લાઇટોના** ભાડામાં મોટો ઉછાળો, કેટલાક એરપોર્ટો પર મુસાફરોના વિરોધ પ્રદર્શનો



નવી દિલ્હી, તા. ૫(પીટીઆઇ): ભારતની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગોની ખોરવણીઓ વકરી છે જ્યારે પાયલોટ-રોસ્ટરિંગના મુદ્દાઓએ મોટા પાયે ફ્લાઈટોને રદ કરવાની ફરજ પાડવાનું ચાલુ રાખ્યું છે - જેમાં આજે શુક્રવારે ૪૦૦ કરતા વધુ ફ્લાઈટો રદ થઇ હતી અને ઘણા પેસેન્જરો તો વિવિધ એરપોર્ટો પર ત્રણ જેટલા દિવસોથી ફસાયેલા છે.

એરપોર્ટો પર અંધાધૂંધીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા જ્યારે ઈન્ડિગોની કેટલીક ફ્લાઈટોમાં ૧૨ કલાક કરતા વધુનો વિલંબ થયો હતો. દિલ્હી

...અનુસંધાન પાના 11 પર

## ઇન્ડિગોને નિયમમાં છૂટ અપાઇ તે સામે પાયલોટ સંસ્થાનો વિરોધ

મુંબઇ, તા. ૫: હાલની અંધાધૂંધીને જોતા પાયલોટોના કામના કલાકો સહિતના નવા કડક નિયમોમાંથી ઇન્ડિગો એરલાઇન્સને છૂટછાટ અપાઇ તેની સામે પાયલોટોના મંડળ એરલાઇન્સ પાયલોટ એસોસીએશન(આલ્પા)એ સખત વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે આ એક ભયંકર દાખલો બેસાડશે. ડીજીસીએને આ જે લખેલા પત્રમાં આલ્પા-ઇન્ડિયાએ કહ્યું છે કે આ

...અનુસંધાન પાના 11 પર

## DGCAએ ચાર સભ્યોની તપાસ સમિતિ બેસાડી, 15 દિવસમાં રિપોર્ટ આપશે

નવી દિલ્હી, તા. 5(પીટીઆઇ): ઉડ્ડયન નિરીક્ષક સંસ્થા ડીજીસીએએ મોટા પાયે ફ્લાઇટ વિક્ષેપનું કારણ બનેલા સંજોગોની વ્યાપક સમીક્ષા અને મૂલ્યાંકન કરવા માટે ચાર સભ્યોની સમિતિની રચના કરી છે. શુક્રવારે એક આદેશ મુજબ, પેનલના સભ્યોમાં સંયુક્ત ડિરેક્ટર જનરલ સંજય કે. બ્રહ્મણે, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ અમિત ગુપ્તા, સિનિયર ફ્લાઇટ ઓપરેશન્સ ઇન્સ્પેક્ટર

...અનુસંધાન પાના 11 પર

## DGCAએ પાયલોટોની ફરજના સમયના નિમયો હળવા કર્યા

મુંબઇ, તા. ૫: ઇન્ડિગો એરલાઇનમાં પાયલોટોની તંગીની સ્થિતિને જોતા ઉડ્ડયન નિયંત્રક ડીજીસીએ દ્વારા પાયલોટોના ફરજના કલાકોના નિયમમાં થોડી છૂટછાટ આપવામાં આવી છે અને પાયલોટોને સાપ્તાહિક આરામના સમય સાથે રજાઓ એડજસ્ટ કરવાની છૂટ આપી છે. ઘણા પાયલોટો પોતાની સાપ્તાહિક આરામની રજાને તેમને મળતી હકરજાઓ સાથે એડજસ્ટ કરતા

...અનુસંધાન પાના 11 પર

# ગૃહ, ઓટો લોન સસ્તી થશે : RBIએ રેપો રેટ ઘટાડ્યો

**રિઝર્વ** બેન્કની મોનેટરી પોલિસી કમિટિએ રેપો રેટમાં સર્વાનુમતે ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો થયો, આ દર હવે ૫.૨૫ ટકા થયો

**બેંકોની** તરલતા વધારવા આરબીઆઇ આ મહિને રૂ. ૧ લાખ કરોડના સરકારી બોન્ડોની ઓપન માર્કેટ ખરીદી કરશે

મુંબઈ, તા. ૫(પીટીઆઈ): રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ શુક્રવારે છ મહિનામાં પહેલી વાર મુખ્ય બેન્ચમાર્ક વ્યાજ દરમાં ઘટાડો કર્યો હોવાથી અને ઉંચા અમેરિકી ટેરિફના સંજોગોમાં ગોલ્ડીલોક અર્થતંત્રને ટેકો આપવા માટે બેંકિંગ ક્ષેત્રને રૂ. ૧ લાખ કરોડની તરલતા વધારવાનું વચન આપ્યું હોવાથી, હોમ, ઓટો અને અન્ય લોનો સસ્તી થવાની સંભાવના છે.

આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે પુનઃખરીદી અથવા રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૫.૨૫ ટકા કરવા માટે આજે મત આપ્યો હતો અને તટસ્થ અભિગમ જાળવી રાખ્યો હતો, જેનાથી વધુ દર

...અનુસંધાન પાના 11 પર

## રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2026 માટે વિકાસ દરનો અંદાજ વધારીને ૭.૩ ટકા કર્યો

**ચાલુ** નાણાકીય વર્ષ માટે ફુગાવાના દરનો અંદાજ ઘટાડીને ૨.૬ ટકા કર્યો

નવી દિલ્હી, તા. 5: આરબીઆઇએ નાણાકીય વર્ષ 2026 માટે જીડીપીનો અંદાજ વધારીને 7.3 ટકા કર્યો છે. આ અગાઉના અંદાજ કરતાં લગભગ અડધા ટકા વધુ છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં મજબૂત આર્થિક પ્રદર્શનને પગલે રિઝર્વ બેંકે શુક્રવારે ચાલુ નાણાકીય વર્ષ માટે GDP વૃદ્ધિનો અંદાજ 6.8 ટકા પરથી વધારીને 7.3 ટકા કર્યો છે. પુરવઠા બાજુએ, વાસ્તવિક ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) 8.1 ટકા વધ્યો, જે ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં તેજીને કારણે થયું છે. ડિસેમ્બર નાણાકીય નીતિનું અનાવરણ કરતા, રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે 2025-26 ના પ્રથમ છ મહિનામાં આર્થિક પ્રવૃત્તિને આવકવેરા અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ના તર્કસંગતકરણ, ક્રૂડ ઓઇલના નરમ ભાવ, સરકારી મૂડી ખર્ચમાં વધારો અને સૌમ્ય ફુગાવા દ્વારા સમર્થિત સુવિધાજનક નાણાકીય અને નાણાકીય પરિસ્થિતિઓનો ફાયદો થયો.ઉચ્ચ-આવર્તન સૂચકાંકો સૂચવે છે કે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં સ્થાનિક આર્થિક પ્રવૃત્તિ સ્થિર રહી છે, જોકે કેટલાક અગ્રણી સૂચકાંકોમાં નબળાઈના કેટલાક ઉભરતા સંકેતો છે એમ તેમણે કહ્યું હતું. GST

...અનુસંધાન પાના 11 પર

## આરબીઆઇ રૂપિયામાં કોઇ લેવલનું લક્ષ્ય રાખતી નથી: મલ્હોત્રા

**રૂપિયામાં** બજારના પરિબળોના આધારે વધઘટ થવા દેવાય છે

મુંબઈ, તા. ૫(પીટીઆઇ): રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે જણાવ્યું હતું કે કેન્દ્રીય બેંક ફોરેક્સ માર્કેટમાં રૂપિયા માટે કોઈ પણ બેન્ડને લક્ષ્ય બનાવતી નથી, અને સ્થાનિક ચલણને તેનું પોતાનું યોગ્ય સ્તર શોધવા દે છે. ગવર્નરનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રૂપિયો અમેરિકી ડોલર સામે ૯૦ ના સ્તરને એકવાર પાર કરી ગયો છે, અને હાલ તે સ્તરની નજીક ફરતો રહે છે. અમે કોઈપણ ભાવ સ્તર અથવા કોઈપણ બેન્ડને લક્ષ્ય બનાવતા નથી. અમે બજારોને કિંમતો નક્કી કરવાની મંજૂરી આપીએ છીએ. અમારું માનવું છે કે બજારો, ખાસ કરીને લાંબા ગાળે, ખૂબ કાર્યક્ષમ છે. તે

...અનુસંધાન પાના 11 પર